ફૂલછાબ

# વ્યાપારભૂમિ

તા. ૨૦-૬-૨૦૨૨, સોમવાર



# ભારત 5Gના ઉંબરે

પેજ 5

## ડિજીટલ કરન્સીમાં મંદીની સુનામી : મેટલમાં કડાકા



પેજ 8

## ઠરાવેલું મહેનતાણું ચૂકવવામાં અખાડા કરવા નહીં



પેજ 4

# જીએસટી વિષે તમામ લોકોએ શા માટે જાણવું જોઇએ ?

૦૧ જુલાઈ, ૨૦૧૭ના રોજ જી.એસ.ટી. લાગુ કરવામાં આવ્યો હતો. જી.એસ.ટી. લાગુ થયા અંગેના સમાચારો ફૂલછાબ સહિત લગભગ તમામ જાણીતા સમાચારપત્રોની ટોપ હેડલાઇન હતી. દેશના કરમાળખામાં આમુલ પરિવર્તન તરીકે જી.એસ.ટી.ને માનવામાં આવે છે. ઘણીવાર મિત્રો સાથે થતી વાતમાં એ જાણવા મળે છે કે અમે ક્યાં વેપારી છીએ કે અમારે જી.એસ.ટી. અંગે જાણવાની જરૂર રહે ? જી.એસ.ટી. અંગે જાણી અમારે શું કરવું ? આ માન્યતા ભૂલ ભરેલી છે. જી.એસ.ટી. અંગેની પ્રાથમિક માહિતી તમામ લોકો માટે ખૂબ જ જરૂરી છે.

### ડાયરેક્ટ ટેક્સ અને ઇન ડાયરેક્ટ વિષે સમજ છે જરૂરી

કોઈ પણ ટેક્સ સિસ્ટમમાં મુખ્યત્વે બે પ્રકારના વેરા લાગુ કરવામાં આવ્યા હોય છે. (૧)ડાયરેક્ટ ટેક્સ જેને પ્રત્યક્ષ કર તરીકે ઓળખવામાં આવે છે અને (૨) ઇનડાયરેક્ટ ટેક્સ જેને અપ્રત્યક્ષ કર તરીકે ઓળખવામાં આવે છે. ડાયરેક્ટ ટેક્સ એટલે એવો ટેક્સ કે જે વ્યક્તિ આ ટેક્સ ભરે છે તે જ વ્યક્તિ આ ટેક્સનું ભારણ પણ સહન કરે છે. ઇન્કમ ટેક્સએ ડાયરેક્ટ ટેક્સનું ઉદાહરણ છે જ્યારે ઇનડાયરેક્ટ ટેક્સ એટલે એવો વેરો જે ભરે છે એક વ્યક્તિ પણ તે ટેક્સનું ભારણ અન્ય વ્યક્તિએ ભોગવવાનું થતું હોય છે. જી.એસ.ટી. એ ઇનડાયરેક્ટ ટેક્સનું ઉદાહરણ છે. જી.એસ.ટી. હેઠળ નોંધણી વેપારી મેળવતો હોય છે, ટેક્સ વેપારી ભરતો હોય છે પણ આ જી.એસ.ટી.નો સંપૂર્ણ બોજો ગ્રાહક ભોગવે છે.

એક કોમર્સ સ્કૂલના વિદ્યાર્થીઓ સાથેની મિટિંગમાં મેં વિદ્યાર્થીઓને પ્રશ્ન કર્યો કે તમારામાંથી ઇન્કમ ટેક્સ કોણ ભરે છે ??? તમામ વિદ્યાર્થીઓનાં મુખમાં હળવું સ્મિત આવી ગયું અને બધા એક સાથે બોલ્યા કે અમારી ઇન્કમ છે જ ક્યાં કે અમે કોઈ ઇન્કમ ટેક્સ ભરીએ!! આ વાત તદ્દન સાચી છે. ત્યારબાદ મારો બીજો પ્રશ્ન એ હતો કે તમારામાંથી કોણ જી.એસ.ટી. ભરે છે?? ત્યારે પણ સ્વાભાવિક રીતે તેઓ તમામ વિદ્યાર્થીઓએ એક સાથે કહ્યું હતું કે અમે કોઈ જી.એસ.ટી. ભરતા નથી!! ત્યારે મેં સ્ટુડન્ટસને કહ્યું કે તમારી આ બાબત સાચી નથી. હું, તમે, તમારા વાલીઓ, તમારા શિક્ષકો તમામ રોજ જી.એસ.ટી. ભરીએ છીએ!!! વિદ્યાર્થીઓને આ અંગે વધુ સમાજ આપતા મેં જણાવ્યું કે આપણે જ્યારે કોઈ વસ્તુ કે સેવા ખરીદી કરીએ છીએ ત્યારે આ વસ્તુ ઉપર કે સેવા ઉપર જી.એસ.ટી. લગાડવામાં આવતો હોય છે. તમે પેન ખરીદો, સ્કૂલ બેગ ખરીદો, હોટેલમાં જમવા જશો, હોટેલમાં રહેવા જશો આ તમામ વ્યવહારોમાં તમે જી.એસ.ટી. ભોગવી રહ્યા છો. જી.એસ.ટી.ની રકમ ગ્રાહક તરીકે આપો છો તમે પણ આ રકમ સરકારમાં ભરે છે જે તે માલ કે સેવા પૂરી પાડનાર વેપારી. ૧૧ કોમર્સના વિદ્યાર્થીઓ સાથેની આ વાત એ બાબતની સૂચક ગણી શકાય કે જેમ કોમર્સના આ વિદ્યાર્થીઓ જાણતા નથી કે તેઓ પોતાના રોજિંદા વ્યવહારમાં અનેક પ્રકારે જી.એસ.ટી. ભોગવી રહ્યા છે તેવી જ રીતે સામાન્ય વ્યક્તિઓ પણ આ બાબતે જાણકારી ધરાવતા હોતા નથી.



**કર સમિક્ષા**

ભવ્ય ડી. પોપટ
(ટેક્સ એડવોકેટ)

### જી.એસ.ટી. અંગે પ્રાથમિક જાણકારી હોય તો તમે ગેરરીતિઓથી બચી શકો છો !!

ઉપર જણાવવામાં આવ્યું છે તેમ આપણાં રોજબરોજના જીવનના વ્યવહારોમાં આપણે જી.એસ.ટી. ભોગવતા હોઈએ છીએ. કોઈ માલનો વેપાર કરતો વેપારી અથવા તો સેવા પૂરી પાડનાર કરદાતા ઘણીવાર કાયદાની અજ્ઞાનતાના કારણે અથવા ક્યારેક જાણી જોઈને જી.એસ.ટી. હેઠળ નાની મોટી ગેરરીતિઓ આચારતા હોય છે. આ ગેરરીતિઓનાં કારણે તેઓ કાયદા હેઠળ તમારા મારા જેવા ગ્રાહકો પાસેથી ઉઘરાવવાની થતી રકમથી વધુ રકમ ઉઘરાવી લેતા હોય છે. જી.એસ.ટી. અંગેની પ્રાથમિક જાણકારી હોય તો ગ્રાહકો આ બાબતે સજાગ બની આ ગેરરીતિઓનો ભોગ બનવાથી બચી શકે છે.




**ઇનડાયરેક્ટ ટેક્સ એટલે એવો વેરો જે ભરે છે એક વ્યક્તિ પણ તે ટેક્સનું ભારણ અન્ય વ્યક્તિએ ભોગવવાનું થતું હોય છે, જી.એસ.ટી. એ ઇનડાયરેક્ટ ટેક્સનું ઉદાહરણ છે, જી.એસ.ટી. હેઠળ નોંધણી વેપારી મેળવતો હોય છે, ટેક્સ વેપારી ભરતો હોય છે પણ આ જી.એસ.ટી.નો સંપૂર્ણ બોજો ગ્રાહક ભોગવે છે**

### જી.એસ.ટી. નંબર ના હોવા છતાં ગ્રાહકો પાસેથી લેવામાં આવે છે જી.એસ.ટી.

ક્યારેક એવું ધ્યાનમાં આવતું હોય છે કે કોઈ વેપારી કે સેવા પ્રદાતા પોતાની પાસે જી.એસ.ટી. નોંધણી દાખલો ના હોય એમ છતાં ગ્રાહકો પાસેથી જી.એસ.ટી. વસૂલ કરતાં હોય છે. આ બાબત તદ્દન અયોગ્ય છે. ગ્રાહક પાસેથી જી.એસ.ટી. વસૂલ એ જ વ્યક્તિ કરી શકે છે જે જી.એસ.ટી. હેઠળ યોગ્ય નોંધણી દાખલો ધરાવતા હોય. જી.એસ.ટી. નંબર ધરાવતા તમામ કરદાતાઓએ પોતાના ધંધાના સ્થળે જી.એસ.ટી. નંબર પ્રદર્શિત કરવો ફરજિયાત છે. આ ઉપરાંત ગ્રાહકને આપવામાં આવતાં બિલ ઉપર પણ પોતાનો જી.એસ.ટી. નંબર પ્રદર્શિત કરવો તમામ કરદાતા માટે જરૂરી છે. આમ, ગ્રાહક દ્વારા જ્યારે તેના બિલમાં જી.એસ.ટી.ની રકમ દર્શાવેલ હોય ત્યારે એ ચકાસવું જરૂરી છે કે જે તે વેપારી કે સેવા પ્રદાતા જી.એસ.ટી. નંબર ધરાવે છે કે નહીં.

### કમ્પોઝિશનની પરવાનગી ધરાવતા કરદાતાઓ ગ્રાહક પાસેથી અલગથી ટેક્સ વસૂલ કરી શકે નહીં!!

ઘણા કિસ્સામાં જી.એસ.ટી. હેઠળ કોઈ વેપારી કે સેવા પ્રદાતા નોંધાયેલ હોય છે પરંતુ એક નાના કરદાતા તરીકે તેઓ કમ્પોઝિશનનો લાભ લેતા હોય છે. કપમ્પોઝિશનનો લાભ લેતા કરદાતાઓ પોતાના વેચાણ સંદર્ભે કોઈ ટેક્સ ઉઘરાવી શકે નહીં. ઘણીવાર એવા કિસ્સા સામે આવતા હોય છે કે જ્યાં કરદાતા કમ્પોઝિશન હેઠળ ટેક્સ ભરવા જવાબદાર હોવા છતાં ગ્રાહકો પાસેથી જી.એસ.ટી. ઉઘરાવતા હોય છે. ગ્રાહકો પોતે આ બાબતે જાણકારના હોવાથી તેઓ ખોટી રીતે આ જી.એસ.ટી. ચૂકવતા હોય છે. કમ્પોઝિશન હેઠળ પરવાનગી ધરાવતા કરદાતા જી.એસ.ટી. અલગ ઉઘરવી શકે નહીં અને જો તેઓ જી.એસ.ટી. અલગથી ઉઘરાવે તો આ બાબત ગેરકાયદેસર છે. કમ્પોઝિશનની પરવાનગી ધરાવતા કરડાટએ પોતાના ધંધાના બોર્ડ ઉપર એ પણ દર્શાવવું જરૂરી છે કે તેઓ કમ્પોઝિશન હેઠળ પરવાનગી ધરાવતા કરદાતા છે.

### જી.એસ.ટી. હેઠળ વેરો ઉઘરાવવામાં આવેલ હોય તેવા બિલો ગ્રાહકોએ ખાસ મેળવી લેવા છે જરૂરી!!

જી.એસ.ટી. હેઠળ હોટેલ કે રેસ્ટોરન્ટમાં આપ જ્યારે હોટેલમાં રહો છો કે રેસ્ટોરન્ટમાં જમો છો ત્યારે સામાન્ય રીતે બિલ ઉપર જી.એસ.ટી. અલગ લગાડવામાં આવતો હોય છે. આ જી.એસ.ટી.ની રકમ આપે ચૂકવી હોય આ રકમ જે તે હોટેલ કે રેસ્ટોરન્ટ દ્વારા સરકારમાં જમા કરાવવાની રહે છે પરંતુ મોટાભાગે આ જી.એસ.ટી.વાળું બિલ ગ્રાહકો પોતાની સાથે લઈ જતાં ના હોય ક્યારેક અમુક કરદાતા આ બિલો ઉપર ઉઘરાવવામાં આવેલ જી.એસ.ટી.ની ચોરી કરતા માલૂમ પડતા હોય છે. આ હકીકત માત્ર હોટેલ ઇન્ડસ્ટ્રી માટે જ છે તેવું નથી. આમ, તમે ચૂકવેલ જી.એસ.ટી. સરકારમાં યોગ્ય રીતે જમા થાય તે માટે જે બિલ ઉપર આપે જી.એસ.ટી. ચૂકવેલ છે તે બિલ હંમેશાં સાથે લઈ જવાનો આગ્રહ રાખો.

આમ, આપ ધંધાદારી વ્યક્તિ નથી કોઈ સેવા કરદાતા નથી તો પણ જી.એસ.ટી. એક ગ્રાહક તરીકે આપના ઉપર અસર કરે છે. જી.એસ.ટી. હેઠળ નાની નાની તકેદારી તથા જાણકારી રાખી આપ આપના તથા દેશનાં નાણાં બચાવી શકો છો.

# ફુગાવો વધતો જતો હોય ત્યારે રોકાણ ક્યાં કરશો?

**સ્થા**નિક અને દરિયાપારના બનાવોને કારણે વિશ્વભરમાં ફુગાવો ઊંચે જઈ રહ્યો છે. મધ્યસ્થ બેંકો ફુગાવાના વધારાને ખાળવા માટે વિવિધ પગલાં લઇ રહી છે જેમાં વ્યાજદરમાં વધારો મુખ્ય છે. તેને પરિણામે કંપનીઓની કામગીરી અને નફા પર અસર પડશે એવા ડરને લીધે શેરબજાર નીચે આવી રહ્યું છે. અનેક રોકાણકારોના પોર્ટફોલિયોમાં આની અસર દેખાઈ રહી છે. રોકાણકારો ચિંતામાં છે કે શેરોના ભાવનો ઘટાડો ક્યાં જઈને અટકશે. પરંતુ આજે પણ એવાં ક્ષેત્રો છે જેની કંપનીઓના શેરમાં રોકાણ કરવું સલામત છે.

છેલ્લા બે દાયકામાં વ્યાજના દર નીચા રહ્યા હોવાથી રોકાણકારોએ મૂડી વૃદ્ધિ માટે ઇક્વિટી બજારો ઉપર પસંદગી ઉતારી હતી. દાખલા તરીકે, બીએસઇનું માર્કેટ કેપિટલાઇઝેશન ૧૯૯૦-૯૧માં રૂ. ૯૦,૮૩૬ કરોડથી વધીને ૧૫ મે ૨૦૨૨ના રોજ રૂ. ૨૪૧ લાખ કરોડ થયું હતું. આથી રોકાણકારોની એક પેઢી મોટે ભાગે નીચા વ્યાજદરોને કારણે શેરબજારની તેજીની સાક્ષી રહી છે. અત્યારે ભારતમાં ૯ કરોડ ડીમેટ ખાતાં છે જેમાંથી ૨૦૧૨-૧૩માં માત્ર ૨.૧ કરોડ અસ્તિત્વમાં હતાં અને ૫૫ ટકા ૨૦૨૦-૨૧ પછી ખોલવામાં આવ્યાં હતાં. જ્યારે મોંઘવારી વિરોધી પગલાંને લીધે મંદી બજારને પછાડે છે ત્યારે નવા રોકાણકારો ગભરાઈને બજારમાંથી બહાર નીકળી જાય છે.

પાછલાં કેટલાંક અઠવાડિયામાં વૈશ્વિક સ્તરે બોન્ડ, ઇક્વિટી અને ક્રિપ્ટો કરન્સીમાં મોટું કરેક્શન જોવા મળ્યું છે. સ્ટાર્ટ-અપ ઇકોસિસ્ટમ નાણાંની તંગીનો સામનો કરી રહી છે, જ્યારે નવા જમાનાની ટેક કંપનીઓ બજારના નિરાશાવાદનો ભોગ બની રહી છે. આ વર્ષે વૈશ્વિક શેરબજારમાં રોકાણકારોની મૂડીમાં ૧૧ લાખ કરોડ ડોલરથી વધુ ધોવાણ થયું છે અને ક્રિપ્ટો કરન્સી માર્કેટે એપ્રિલ અને મે વચ્ચે માત્ર એક મહિનામાં એક લાખ કરોડ ડોલર ગુમાવ્યા છે.



મૂળ વાત ફુગાવાથી પ્રભાવિત ન હોય તેવી કંપનીઓ અથવા ક્ષેત્રોમાં રોકાણ કરવાની છે, દાખલા તરીકે આઇટી જેવાં સેવા ક્ષેત્રો કોમોડિટીના ભાવ વધારાથી સુરક્ષિત રહેશે

અબજોપતિ રોકાણકાર અને બર્કશાયર હેથવેના ચેરમેન વોરેન બફેટે એક વાર કહ્યું હતું કે 'જ્યારે અન્ય લોકો ભયભીત હોય ત્યારે લોભી બનો.' સંપત્તિ એકઠી કરવામાં શાણપણ અને ધીરજ બંનેનો સમાવેશ થાય છે. જો તમને ભૌગોલિક-રાજકીય ઘટનાઓ અને મેક્રો-ઈકોનોમિક વલણોની સમજ હશે તો અસ્થિરતા અને અનિશ્ચિતતાથી ભરેલા સમયમાં ચોક્કસ લક્ષ્યો માટે ક્યાં રોકાણ કરવું યોગ્ય છે તે તમે નક્કી કરી શકશો.

વિશ્વની મોટી સેન્ટ્રલ બેન્કોએ ફુગાવાને ડામવા માટે લીધેલાં પગલાં, મહામારીની અસર, યુક્રેન યુદ્ધ વગેરે કારણોને લીધે અમેરિકન ડોલર મજબૂત બન્યો છે જયારે થોડા સમયથી આપણો રૂપિયો સતત ઘસાઈ રહ્યો છે અને નવી નીચી સપાટીને આંબી રહ્યો છે. ડોલરની મજબૂતી રોકાણકારોને તેમની અસ્ક્યામતોની નવેસરથી ફાળવણી કરવા મજબૂર કરી રહી છે. વિશ્વનાં અગ્રણી મ્યુચ્યુઅલ ફંડો તેમના પોર્ટફોલિયોના માળખામાં ફેરફાર કરી રહયા છે. વિદેશી સંસ્થાકીય રોકાણકારોએ ૨૦૨૨માં ભારતીય ઇક્વિટી માર્કેટમાંથી રેકોર્ડ ૨૦ અબજ ડોલરનું રોકાણ પાછું ખેંચ્યું છે. આની અસર બજાર પર પડે એ દેખીતું છે.

ભારતનો આર્થિક વિકાસ મુખ્યત્વે વપરાશ પર આધારિત છે, જે ફુગાવાને લીધે ઘટી ગયો છે. પામ ઓઈલ, આયાતી કોલસો અને પેટ્રોકેમિકલ્સ જેવા કાચા માલ પર નિર્ભર ઉદ્યોગોને આયાત ખર્ચમાં વધારો અને ફુગાવાના કારણે ઘટતી માગના બેવડા મારનો સામનો કરવો પડે છે. તેથી એફએમસીજી, સિમેન્ટ અને પેઇન્ટ કંપનીઓના શેર નજીકના ભવિષ્યમાં સારો દેખાવ કરે તેવી શક્યતા નથી એમ વિશ્લેષકો કહે છે. બ્રિટાનિયા, એશિયન પેઇન્ટ્સ અને મારિકોએ ગત એક વર્ષમાં ગ્રોસ માર્જિનમાં ૪ ટકા ઘટાડો નોંધાવ્યો છે જયારે હિન્દૂસ્તાન યુનિલીવરે ૩ ટકાનો ઘટાડો દેખાડ્યો છે.

ઊંચા ફુગાવાના કારણે સ્વૈચ્છિક ખર્ચમાં ઘટાડો થયો છે, જેનાથી ઘણા ઉદ્યોગો પર પ્રતિકૂળ અસર પડી છે. કન્ઝ્યુમર સ્ટેપલ્સ અને ટેલિકોમ કંપનીઓએ વેચાણના વોલ્યુમમાં નજીવી વૃદ્ધિ નોંધાવી છે અને આવક વધારવા માટે કિંમતોમાં વધારો કર્યો છે. કન્ઝ્યુમર ડ્યુરેબલ કંપનીઓની આવક વધી રહી છે પણ આવકનો વધારો નફાના વધારામાં પરિવર્તિત થઈ રહ્યો નથી, કારણ કે તેમની નફાશક્તિ ઉત્પાદનસામગ્રીના ઊંચા ભાવને કારણે ઘટી ગઈ છે.

મૂળ વાત ફુગાવાથી પ્રભાવિત ન હોય તેવી કંપનીઓ અથવા ક્ષેત્રોમાં રોકાણ કરવાની છે. આઇટી જેવાં સેવા ક્ષેત્રો કોમોડિટીના ભાવ વધારાથી સુરક્ષિત રહેશે. એ જ રીતે દવા અને આરોગ્યજતન ઉદ્યોગને સ્વૈચ્છિક ખર્ચમાં કપાતની બહુ અસર થવાની શક્યતા નથી. સંરક્ષણ જેવાં સરકારની કાર્યસૂચિ સાથે ગાઢ રીતે જોડાયેલાં ક્ષેત્રોને વધુ બિઝનેસ મળશે, જ્યારે પેટ્રોલિયમ, કોલસો, ખાંડ વગેરે ચીજવસ્તુઓ બનાવનારાં અને રસાયણ આધારિત ક્ષેત્રો ચીજવસ્તુઓના વધતા ભાવને કારણે ફાયદામાં રહેશે.

રોકાણકારોએ બેન્કિંગ અને ફાઇનાન્સ પર ધ્યાન કેન્દ્રિત કરવું જોઈએ કારણ કે આ ક્ષેત્રે લાંબા સમયથી નબળો દેખાવ કર્યો છે અને બેન્કોના ચોખ્ખા વ્યાજના માર્જિનમાં સામાન્ય રીતે ફુગાવાના સમયગાળામાં સુધારો થાય છે. બેંકોની લગભગ ૪૫ ટકા ડિપોઝીટો ચાલુ ખાતા અને બચત ખાતાની ડિપોઝીટ હોય છે. બેંકો ચાલુ ખાતા પર કોઈ વ્યાજ ચૂકવતી નથી, અને બચત ખાતા પર માત્ર ૪ ટકા વ્યાજ આપે છે. ફુગાવાના સમયમાં, બેંકો તેમના ધિરાણદરમાં ઝડપથી વધારો કરે છે, પરંતુ ડીપોઝીટના દરોમાં બહુ વધારો થતો નથી. બેંકોના શેરો હાલમાં આગામી વર્ષની અંદાજિત શેરદીઠ કમાણીના ૧૩-૧૪ ગણા ભાવે (૧૩-૧૪ ફોરવર્ડ પી/ઈ રેશિયો) વૈસિહિ રહ્યા છે જયારે ઐતિહાસિક સરેરાશ ૨૩-૨૪ની આસપાસ છે. તેમાં પણ ખાનગી બેંકોની કામગીરી નોંધપાત્ર રહેશે.

નિષ્ણાતોનું કહેવું છે કે રોકાણકારોએ તેલ અને ગેસ તેમ જ ધાતુના ક્ષેત્ર પર ધ્યાન કેન્દ્રિત કરવું જોઈએ જ્યાં ભાવ વધી રહ્યા છે. ફુગાવાના સમયે કુદરતી સંસાધનો, ધાતુઓ અને રિફાઇનિંગ કંપનીઓને ફાયદો થાય છે. આઇટી અને રસાયણ કંપનીઓ પણ મોટો ફાયદો મેળવવા માટે તૈયાર છે. રસાયણો એ મેન્યુફેક્ચરિંગ કંપનીઓ માટે અનિવાર્ય કાચો માલ છે અને જ્યાં સુધી ચીન લોકડાઉન હેઠળ છે ત્યાં સુધી આ ક્ષેત્રે ઊંચાં પ્રીમિયમ બોલાતાં રહેશે.

એક અભિપ્રાય એવો પણ છે કે રોકાણકારોએ જે કંપનીઓ તેમના સંબંધિત ક્ષેત્રોમાં પ્રભુત્વ ધરાવતી તેમાં નાણાં રોકવા જોઈએ. જો ભારતની રાષ્ટ્રીય આવક ૧૦ ટકા વધે તો અગ્રણી કંપનીઓની કમાણીમાં સામાન્ય રીતે ૧૪-૧૫ ટકા વધારો થાય છે.

એક વાત નોંધવા જેવી છે. વ્યાજદરમાં વધારો કિંમતી ધાતુઓને, ખાસ કરીને સોનાને અસર કરતો નથી કારણ કે સોનામાં રોકાણ મોટાભાગે ફુગાવા દરમિયાન ચલણના અવમૂલ્યન સામેની આડશ તરીકે થાય છે. આથી ફુગાવાના સમયમાં રોકાણકારો સોના અને ચાંદી જેવી કિંમતી ધાતુઓ દરેક ઘટાડે ખરીદી શકે છે. અન્ય ક્ષેત્ર રિયલ એસ્ટેટ છે, ખાસ કરીને રહેઠાણની જગ્યાઓ, સેકન્ડ હેન્ડ ઘરો લાંબા ગાળાનાં ઊંચી રકમનાં રોકાણો છે કારણ કે ઘરની માલિકી કરબચત, લોન માટેની સિક્યોરિટી, ભાડા દ્વારા બેઠી આવક અથવા ભાડા ખર્ચ પર બચત વગેરે વધારાના લાભ સાથે આવે છે.

ભારતમાં ક્રિપ્ટો કરન્સીમાં રોકાણ પર ભારે કરવેરા નાખવામાં આવ્યા છે એવે સમયે નોન-ફંજીબલ ટોકન્સ (એનએફટી)નું બજાર રોકાણકારો માટે આકર્ષક બની રહ્યું છે. ભારતીય કંપનીઓ રૂપિયા સ્વીકારીને એનએફટી વેચે છે તે બિલકુલ કાયદેસરનું રોકાણ છે. રોકાણકારો તેમાં સમયાંતરે નાની રકમનું રોકાણ કરીને શરૂઆત કરી શકે અને ધીમે ધીમે પોર્ટફોલિયો બનાવી શકે છે.

## તમારા બેન્ક ખાતામાં એકાએક મોટી રકમ આવે તો ચેતી જવું

**બે**ન્કના ગ્રાહકો સાથે થતી વિવિધ પ્રકારની છેતરપિંડીઓની વાત ગત થોડાં સપ્તાહોમાં આ કોલમમાં આપણે કરી. આ વાતને આગળ ચલાવીએ અને આજે એક અલગ પ્રકારની ઠગાઈ વિષે જાણીએ. આ ઠગાઈ અલગ પ્રકારની એટલા માટે છે કે તેમાં તમારા પૈસા લૂંટી લેવાની વાત નથી પણ સામે ચાલીને તમને --મતલબ તમારા ખાતામાં--પૈસા આપવાની વાત છે. આશ્ચર્ય થાય છે? ખરેખર તો તમને ચિંતા થવી જોઈએ.

નાણાક્ષેત્રમાં ગ્રાહકોને ફસાવવા માટે કેવા પ્રકારની યુક્તિ-પ્રયુક્તિ યોજવામાં આવે છે એ વિષે રિઝર્વ બેન્ક ઓફ ઇન્ડિયાએ તાજેતરમાં રસપ્રદ અને ઉપયોગી માહિતી આપતી એક નાનકડી પુસ્તિકા તેની વેબસાઈટ પર મૂકી છે. તેમાં સાદા શબ્દોમાં માહિતી આપવામાં આવી છે જે સરળ ભાષામાં છે અને સહેલાઈથી સમજી શકાય એવી છે.

આજે જે ઠગાઈની વાત કરવી છે એ અત્યંત ગંભીર છે અને તેમાં મોટું જોખમ હોઈ શકે. આ પ્રકારની ઠગાઇમાં કોઈ વ્યક્તિ તમારો સંપર્ક કરશે--ફોન, ઈ-મેઈલ, સોશિયલ મીડિયા વગેરે દ્વારા--અને તમને પૈસાની લાલચ આપશે જેના બદલામાં તમારે તમારા બેન્ક ખાતાની વિગતો આપવાની રહે. એ પછી ધૂતારો તમારા બેન્ક ખાતામાં મોટી રકમ ટ્રાન્સફર કરશે. હવે તો ટેક્નોલોજીની મદદ વડે એ પૈસા સીધા જ ટ્રાન્સફર થઇ શકે. તમને કોઈ ચેક મોકલવાની જરૂર નથી પડતી. એક વાર તમારા ખાતામાં પૈસા આવે એ પછી ધૂતારો તમને કહે એ કોઈ અન્ય ખાતામાં તમારે તેને ટ્રાન્સફર કરવાના રહે. આમ કરવા બદલ તમને મોટી રકમ આપવામાં આવે.

જે વ્યક્તિ કમિશન લઈને આવું કામ કરવા તૈયાર થાય તેને બજારની ભાષામાં મની મ્યુલ કહે છે જેનો અર્થ થાય છે પૈસા કે ડ્રગની હેરાફેરી કરનાર ખચ્ચર. અર્થાત એવી વ્યક્તિ જે પોતાના બેન્ક ખાતાનો ઉપયોગ ચોરાયેલાં કે અન્ય રીતે કાળા નાણાંની હેરફેર માટે થવા દે છે. સામાન્ય રીતે આવી વ્યક્તિ નિર્દોષ, ભોળી અને સરળ હોય છે જેને સમજ નથી હોતી કે એ શું કરી રહી છે.

હવે તમે સમજી ગયા હશો કે તમને મોટી રકમ શા માટે આપવામાં આવે છે.

એક વાર તમારા બેન્ક ખાતામાં આ રકમ આવે એ પછી તમારે ક્યાં તો એને બીજા કોઈક ખાતામાં ફરીથી ટ્રાન્સફર કરવાના રહે અથવા તો તેનો રોકડમાં ઉપાડ કરીને બીજી કોઈ વ્યક્તિને આપવાના રહે. આ મની લોન્ડરિંગનો પ્રકાર છે જેમાં ગેરકાનૂની પૈસાને કાનૂની બનાવવામાં આવે છે અને તેમાં તમને હાથો બનાવવામાં આવે છે.

આ સંદર્ભમાં કેટલીક વાતો ધ્યાનમાં રાખજો. એક તો આ વાત તમે સત્તાવાળાઓથી લાંબો સમય છુપાવી શકવાના નથી. ઈન્કમ ટેક્સ ડિપાર્ટમેન્ટ અને રિઝર્વ બેન્ક જેવી સંસ્થાઓ આ પ્રકારની લેણદેણ પર સતત નજર રાખતી હોય છે અને જે આવું કરે તેને સખત સજા પણ મળે છે. એ યોગ્ય પણ છે કેમ કે આવાં નાણાં આતંકવાદી કૃત્યો, રાજકીય કારસ્તાનો અથવા માદક પદાર્થો કે શસ્ત્રોની હેરફેર વગેરે જેવા દેશદ્રોહી કામ માટે વપરાય છે.

આ પ્રકારની ઠગાઇમાંથી બચવા માટે કેટલીક વાતો યાદ રાખવી જરૂરી છે. એક તો હંમેશા કહેવામાં આવે છે એમ ક્યારે પણ તમારા બેન્ક ખાતાની વિગતો કોઈ ને પણ જણાવવી નહિ. એ એકદમ ખાનગી વાત છે અને એને ખાનગી જ રાખવી. બીજું કે તમારા ખાતામાં મોટી રકમ આવશે એ વાતે હરખાઈ જવાની જરૂર નથી. કોઈ વસ્તુ ક્યારે ય પણ મફત મળતી નથી. આ પૈસા આવે એટલે તમારે એને અન્ય કોઈને ટ્રાન્સફર કરવાના જ હોય. એ કંઈ તમને ભેટ અપાયેલા નથી. અને આ કામમાં હિસ્સો લઈને તમે સમાજ અને દેશ સાથે મોટો દગો કરો છો. વહેલામોડા સત્તાવાળાઓ તમને પકડશે અને તે વખતે આ પૈસા તમારા નહોતા, તમે તો લાલચનો શિકાર બની ગયેલા વગેરે વાતો સાબિત કરવી એ તમારે માટે બહુ મુશ્કેલ બનશે.

ફુલછાબ વ્યાપારભૂમિ



# ઠરાવેલું મહેનતાણું ચૂકવવામાં અખાડા કરવા નહીં



**અનૈતિક લોકો સાથે કામ કરવાથી કે સંકળાવાથી આખરે માણસે પોતાના ભાગનું પણ ગુમાવવાનો વખત આવે છે, નઠારા માણસો પોતે તો ચૂકવણીમાં ધાંધિયા કરે ને કરે જ, પણ ક્યારેક બીજાઓને પણ પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે ખોટાં કામમાં ધકેલતા હોય છે**

**સ્વા**મિનારાયણ સંપ્રદાયની સુપ્રસિદ્ધ શિક્ષાપત્રીના શ્લોક ક્રમાંક ૧૫૨માં કહેવાયું છે? પોતાના કામકાજ માટે મજૂર બોલાવ્યા હોય તો તેમને પહેલેથી નક્કી થયું હોય એટલું ધન કે ધાન્ય આપવું; તેનાથી ઓછું જરાય આપવું નહીં. કોઈને કરજ આપ્યું હોય તો એ વાત કોઈનાથી છાની રાખવી નહીં; પોતાનો વંશ કે કન્યાદાન પણ છાનું રાખવું નહીં. દુષ્ટ લોકો સાથે વ્યવહાર નહીં કરવો.

નાણાકીય વ્યવહારને લગતા ઘણા જ અગત્યના મુદ્દા આ શ્લોકમાં છે. એક, બોલેલું પાળવું. બે, કરજની ચૂકવણી કર્યાનો દસ્તાવેજ રાખવો અને ત્રણ, દુષ્ટ લોકો સાથે વ્યવહાર કરવો નહીં. રોજબરોજના જીવનમાં આપણાં અનેક કામ કરી આપનારા લોકો સાથે કે સમાજ કે સમુદાય સાથે વ્યવહાર કરતી વખતે દરેકને યોગ્ય મોંબદલો આપવો જરૂરી છે. કામ માટે નક્કી કરાયેલા દામની ચૂકવણી કરી જ દેવી જોઈએ. કંપનીઓએ કર્મચારીઓને પગાર આપ્યો ન હોય એવા કિસ્સા યાદ કરો. એ કંપનીઓના માલિકો, તેમની કંપનીઓ તથા તેમના પરિવારોની શું હાલત થાય છે?

ઍરલાઇન્સના બિઝનેસમાં ઘૂસીને પાયમાલ થયેલા દારૂના ધંધાના એક અગ્રણી ઉદ્યોગપતિએ કર્મચારીઓને પગાર ચૂકવ્યો નહીં હોવાનું બહાર આવ્યું છે. આજે એ વ્યક્તિએ દેશની બહાર ભાગી જવું પડ્યું છે. અહીં કર્મચારીઓને ઉક્ત શ્લોકનો ત્રીજો મુદ્દો લાગુ પડે છે. તેમણે કૌભાંડી વ્યક્તિની કંપનીમાં કામ કર્યું અને તેથી તેમણે મહેનતાણું ગુમાવવાનો વખત આવ્યો.

મોટાભાગના કિસ્સાઓમાં જોવા મળ્યું છે કે અનૈતિક લોકો સાથે કામ કરવાથી કે સંકળાવાથી આખરે માણસે પોતાના ભાગનું પણ ગુમાવવાનો વખત આવે છે. નઠારા માણસો પોતે તો ચૂકવણીમાં ધાંધિયા કરે ને કરે જ, પણ ક્યારેક બીજાઓને પણ પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે ખોટાં કામમાં ધકેલતા હોય છે. એવા માણસે પોતે કરેલા ગુનાઓની સજા બીજાઓએ ભોગવવી પડે એવા પણ દાખલા છે.



**આપનું નાણું**

ગૌરવ મશરૂવાળા

અહીં મને ઘણા ઓછા સમયમાં ઉંચા વળતરનું વચન આપતી એવી સ્કીમો યાદ આવે છે, જેમાં લોકો પોતાની મહેનતની કમાણી રોકે છે અને પછી મુદ્દલ પણ ગુમાવી બેસે છે. આવી સ્કીમો શરૂ કરનારા લોકો કપટી હોય છે. તેઓ પોતાનાં વચનો પાળતા નથી તથા પોતાની સાથે સંકળાયેલા લોકોની જીવનભરની કમાણીનું નુકસાન કરાવે છે.

તમે પોન્ઝી સ્કીમનું નામ તો સાંભળ્યું જ હશે. લુચ્ચા લોકો ઉંચા વળતરની લાલચ બતાવીને આવી સ્કીમો શરૂ કરે છે. પોન્ઝી સ્કીમ શરૂ કરનારા મોટાભાગના લોકો પોલીસના સકંજામાં આવી જતા હોય છે. તેને પગલે રોકાણકારોએ નાણાં ગુમાવવાનો વખત આવે છે. ટૂંકા ગાળામાં શ્રીમંત બનાવવાની લાલચ આપનારી આવી સ્કીમો વાસ્તવમાં માણસને ટૂંકા ગાળામાં ગરીબ બનાવી દે છે.

કરજની પરત ચૂકવણીનો મુદ્દો પણ ઉક્ત શ્લોકમાં છે. આ બાબતે મને મારા એક ક્લાયન્ટનો કિસ્સો યાદ આવે છે. તેઓ પોતાની કિશોરાવસ્થાની વાત મને કરી રહ્યા હતા. તેમના પિતા અચાનક હાર્ટ ઍટેકથી ગુજરી ગયા ત્યારે તેમની ઉંમર ૧૯ વર્ષની હતી. તેમના પિતા ધાતુ બજારમાં વેપારી હતા. પિતાના મૃત્યુ બાદ અનેક લોકો તેમના પિતાએ લીધેલું કરજ પાછું મેળવવા આવવા લાગ્યા. તેમના પિતાજી નોંધ રાખવામાં કાચા હતા. તેને લીધે મારા ક્લાયન્ટે કરજ ચૂકવવા માટે પોતાની અનેક મિલકતો વેચી દેવી પડી. છેવટે તેમના પિતાએ ખરેખર કરજ લીધાં હતાં કે કેમ એ સવાલ ઊભો ને ઊભો જ રહ્યો. પિતાજીના કરજના નામે પોતાનીપાસે ઉઘરાણી કરનારા લોકો પાસે એમણે કોઈક સાક્ષી, પુરાવા કે દસ્તાવેજની માગણી કરી હોત તો ઘણી છેતરપિંડી અને દબાણથી તેઓ બચી શક્યા હોત. એ જ રીતે તેમના પિતાજીએ પાકો હિસાબ રાખવાની અને લખી રાખવાની કાળજી લીધી હોત તો તેમના પુત્ર ઘણી હેરાનગતિ અને નુકસાનીથી બચી શક્ત..

ઉપરોક્ત ત્રણે મુદ્દાઓના દાખલા આપણને વાસ્તવિક જીવનમાંથી મળી આવ્યા એ જ બાબત દર્શાવે છે કે તે કેટલા મૂલ્યવાન છે.


# ભારત 5Gના ઉંબરે | આર્થિક વિકાસની સ્પીડ વધશે ?

**એ**પ્રિલ ૨૦૧૯માં દક્ષિણ કોરિયામાં ફાઇવ જી ટેલિકોમ નેટવર્કની શરૂઆત થઈ ત્યારથી ભારતના અબાલવૃદ્ધ સૌને ઉત્તમોત્તમ ડેટા સ્પિડ આપતી આ સર્વિસ ક્યારે મળશે એની ઇંતેજારી હતી. કોરોનાએ બે વર્ષ બગાડી ન નાંખ્યાં હોત તો આપણાં હાથમાં પણ ફાઇવ જી ફોન અને કનેક્શન હોવાની શક્યતા ઘણી વધારે હતી. હવે સરકારે ફાઇવ જી સ્પેક્ટ્રમની લિલામી કરવાનું કહ્યું છે. કદાચ દીવાળી કે નાતાલના તહેવારોમાં લોકો ફાઇવ જી વડે વિના વિક્ષેપ વિડીયો શેરિંગ કે સ્ટ્રિમિંગ કરતા થઈ ગયા હશે. સરકારે એવો દાવો કર્યો છેકે અત્યારે ફોરજીમાં જે સ્પીડ મળે છે તેના કરતા દસ ગણી વધારે મળશે એટલે આંખના પલકારામાં વીડિયો શેરિંગનું ચકરડું ફરી ગયું હશે. ફોર જી સેવા શરૂ થઈ ત્યારે પણ આવા દાવા થયા હતા પણ ફોર જી સેવામાં નેટવર્ક અને સ્પીડ મામલે બહુધા વર્ગ અસંતુષ્ટ છે. હવે ફાઇવ જી ઉપર લોકોને બહુ આશા છે. ફાઇવ જી વિદેશ પ્રમાણે ભારતમાં ઇન્ટરનેટની ગતિ વધારી શકે તો દરેક લોકોનાં જીવનમાં ધરખમ પરિવર્તન આવવાનું નક્કી છે.



**સાંપ્રત પ્રવાહો**

નિલય ઉપાધ્યાય




અત્યારે તો કોરિયા સહિત ઘણા દેશોમાં ફાઇવ જી નટવર્ક ફુલ સ્પીડમાં ચાલી રહ્યું છે. ભારત હવે એકાદ વર્ષમાં ફાઇવ જીથી કનેક્ટ થઈ જશે એટલે આવનારાં ભવિષ્યમાં વિકાસના નવા દ્વાર ખૂલશે.

થ્રીજી કરતા ફોર જીમાં લોકો વધુ સારો અનુભવ કરતા થઈ ગયા છે પણ ફોર જી આવ્યાનાં છ વર્ષમાં જ ફાઇવ જીનો ઉદય થઈ ગયો છે. એનાથી જેટા સ્પીડ ખૂબ વધશે એટલે હવે લોકડાઉન વખતે આપણે શીખી ગયા છીએ તે ઓનલાઇન મિટિંગો, એજ્યુકેશન અને વીડિયો કોલિંગ વધુ આરામદાયક અને સરળ હશે. વર્ક ફ્રોમ હોમ કરતાય હવે વર્ક ફ્રોમ એનીવેર શક્ય બની શકશે. ઓફિસની બહાર કામ કરવામાં સ્પીડ કે કનેક્શનના મુદ્દા ઉપસ્થિત થતા હતા પણ ઇન્ટરનેટ સર્વિસ પ્રોવાઇડર બેસ્ટ સેવા આપે તો આવી કોઈ સમસ્યા ભૂતકાળ ગણી લેવાની રહેશે.

બહુ મહત્ત્વનું પરિવર્તન ઇન્ટરનેટ ઓફ થિંગ્સને લઈને આવશે. આખી દુનિયા અત્યારે એ દિશામાં છે. ફાઇવ જી ઇન્ટરનેટ ઓફ થિંગ્સને વેગ આપશે. એનો ઉપયોગ સેન્સર, સોફ્ટવેર અને ટેક્નોલોજીની મદદથી ડેટાને એક ડિવાઇસથી બીજા ડિવાઇસમાં ટ્રાન્સફર કરવા માટે કરવામાં આવે છે. સાદી ભાષામાં મોબાઇલ ફોન, સ્માર્ટ વોચ, પંખો, બલ્બ કે કાર કંઇપણ ઇન્ટરનેટથી કનેક્ટ કરીને બોલીને કે આંખનો પલકારો મારીને ઉપયોગમાં લઈ શકીશું. કોઈ વ્યક્તિએ સ્માર્ટ વોચ મોબાઇલ સાથે કનેક્ટ કરેલી હોય અને વ્યક્તિને અચાનક કોઈ બીમારી આવે કે અકસ્માત થાય તો સીધો જ ઇમરજન્સી સર્વિસને સંદેશ જાય અને મેડિકલ સારવાર મળી રહે.

મોટી મોટી કંપનીઓમાં આઇઓટીનો ઉપયોગ કામકાજમાં વેગ અને સરળતા લાવવા માટે કરવામાં આવે છે. આપણે ત્યાં ફોર જી ટેક્નોલોજી હજુ એટલી પાવરફુલ ન હતી એટલે આઇઓટીનો ઉપયોગ ઓછો હતો પણ હવે થશે.

ફાઇવ જીની સ્પીડને લીધે ઘણી નવી ટેક્નોલોજી વાપરવા મળી શકે છે. એકદમ નજીકમાં કોઈ વાહન કે કાર પસાર થાય તો પણ તેનો ચાલકને ખ્યાલ આવે. અલબત્ત, કંપનીઓ એમાં ફાઇવ જી એન્ટેના મૂકે તો એ શક્ય છે.

હવે ફૂલ એચડી પછી ફોર કે વીડિયોનું ચલણ છે. એના ફૂટેજ ફોનમાં કે હાર્ડ ડિસ્કમાં ખૂબ જગ્યા રોકે છે અને સારી એવી બેન્ડવિથ ખાઈ જાય છે. ટ્રાન્સફર એ કારણે કંટાળાજનક છે. ફાઇવ જીમાં એવું ન બને. ડ્રોન સાથે ઇન્ટરનેટ જોડીને સીધું જ પ્રસંગોનું લાઇવ પ્રસારણ કરી શકાય છે. ખેતીમાં હવે ડ્રોનનો ઉપયોગ સરકાર કરાવવાની છે તો એમાંય ખૂબ ઉપયોગી નીવડશે.ફાઇવ જીનો ઉપયોગ સ્પીડને લીધે રોબોટમાં પણ થવા લાગ્યો છે. એ કારણે હવે તેનું ઉત્પાદન પણ વધારી શકાશે. સ્માર્ટ ફોન પણ હવે ફોરમાંથી ફાઇવ જીમાં ફટાફટ તબદિલ થવા માંડશે. ફાઇવ જીને હિસાબે કનેક્ટિવિટીની સમસ્યા મોટેભાગે નીકળી જવાની છે. અલબત્ત, એવું ફોર જી વખતે પણ કહેવાતું હતુ. ફાઇવ જીમાં બેન્ડવિથ સારી મળે તો સમસ્યા દૂર થઈ જશે.

**વન જી ટેકનોલોજી આવી ત્યારે તેનો ઉપયોગ ફક્ત સેલ્યુલર ફોનનો હતો. 2Gમાં ટેક્સ્ટ મેસેજ અને મોબાઇલ ઇન્ટરનેટમાં ફક્ત સર્ફિંગનો હતો, 3Gમાં વેબસાઇટ બ્રાઉઝ કરી શકાતી હતી, 4Gમાં વીડિયો અને મીડિયા સરળતાથી જોઈ શકાય છે પણ હવે ફાઇવ જી અણધાર્યા અનુભવો કરાવશે**

એરિક્સનના એક રિપોર્ટમાં એવું કહેવાયું છેકે, ફાઇવ જી આધારિત ડિજિટલાઇઝેશનની આવક સર્વિસ પ્રોવાઇડરે ૨૦૩૦ સુધીમાં ૧૭ અબજ ડોલર જેટલી થઈ જશે. જોકે અન્ય અસંખ્ય સેવાઓ ફાઇવ જીની મદદથી ટેલિકોમ કંપનીઓ શરૂ કરીને નવી આવક ઉભી કરી શકશે. ગ્રાહકો નવી દુનિયા સાથે કનેક્ટ થઈ જશે. આરંભમાં મોબાઇલ બ્રોડબેન્ડ અને ફિક્સ વાયરલેસ એક્સેસની સેવામાં સુધારો થશે. જોકે ગણતરીના વર્ષોમાં જ કોમ્યુનિકેશન ક્ષેત્રે નવી ક્રાંતિ થશે. એરિક્સનના અભ્યાસ પ્રમાણે પ્રતિ ગીગાબાઇટ (જી.બી.)કોસ્ટ દસમા ભાગની થઈ જશે.

ફાયનાન્સિયલ ટેક્નોલોજીના ક્ષેત્રમાં પણ મોટું કાર્ય થઈ શકશે. તાજેતરમાં થયેલા એક અભ્યાસમાં ફાઇવ જી એપ્લિકેશન કે જે નાણાકીય સેવાઓ આપે છે તે ૨૦30 સુધીમાં ૮૫ અબજનું કદ ધરાવતી થઈ જશે. બેંકો અને અન્ય નાણાકિય સર્વિસ આપતી કંપનીઓ ડિજિટલ ચેનલો મોબાઇલમાં શરૂ કરીને ઓનલાઇન બેન્કિંગ પણ સરળતાથી કરાવી શકશે.

ઉત્પાદકિય ક્ષેત્રમાં ઓટોમેશનને લીધે વિવિધ એપ્લિકેશનોમાં આઇઓટી કનેક્શન થઈ શકશે. માલિક ફેક્ટરીમાં ઘેર બેઠાં મોબાઇલથી ઓપરેટિંગ કરી શકે તેવા સાધનો પણ હવે આવશે. ખાસ કરીને હવે કોરોના પછીના સમયગાળામાં ઘણા બિઝનેસ ફરી ટેક્નોલોજીનાં ક્ષેત્રમાં નવા રોકાણ લાવશે.ઘણી કંપનીઓ માટે નવી આવક ઉભી કરવાનું સાધન બનશે તો ઘણા બિઝનેસ વિસ્તારી શકશે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ મે મહિનામાં એક વક્તવ્ય દરમિયાન એવું કહ્યું હતુ કે, ફાઇવ જી અસ્તિત્વમાં આવી જાય એ પછી ૪૫૦ અબજ ડોલર ભારતીય અર્થતંત્રમાં આવતા દશકામાં ઉમેરાશે. ગવર્નન્સ, લોકોની રહેણી કરણી અને ઇઝ ઓફ ડુઇંગ બિઝેસમાં ફાઇવ જી ખૂબ ઉપયોગી નીવડવાનું છે. કૃષિ, હેલ્થ, એજ્યુકેશન, ઇફ્રાસ્ટ્રક્ચર અને લોજિસ્ટિકનો ખૂબ ફાયદો મળવાનો છે. એમણે તો ૨૦30ના અંત સુધીમાં દેશમાં ૬ જી ટેક્નોલોજી લોન્ચ થવા માટે પણ તૈયાર રહેવા કહ્યું છે. ભારતમાં હવે અસંખ્ય અને મોટાભાગનાં ગામડાઓ ઓપ્ટિકલ ફાઇબરથી કનેક્ટ થઈ ગયા છે એટલે ગામડાઓમાં પણ ઇન્ટરનેટ સરળતાથી ઉપલબ્ધ છે. લગભગ દોઢ લાખ ગ્રામ પંચાયતોમાં બ્રોડબેન્ડની કનેક્ટિવિટી છે એટલે ખેડૂતોને પણ આવનારા દિવસોમાં તેનો બમણો ફાયદો મળશે.

ફાઇવજીની હરાજી ૨૬ જુલાઈથી શરૂ થવાની છે. સરકારે તેના પેમેન્ટ દર વર્ષના આરંભે ૨૦ સરખા હપ્તામાં વહેંચી દીધાં છે એ રીતે કંપનીએ તે ચૂકવવાના રહેશે. ટેલિકોમ ક્ષેત્રમાં આવનારા દિવસોમાં એ રીતે રોકડની ખૂબ જરૂરિયાત રહેવાની છે. ટેલિકોમ કંપનીઓએ ટ્રાઇને એવો પત્ર લખ્યો છેકે, ફાઇવ જી ભલે અમલમાં આવે પણ કંપનીઓને તેનાથી કોઈ ખાસ મોટી આવક થઈ જવાની નથી. આવકને બદલે નવી નવી ટેક્નોલોજી લાવવી પડશે અને ખર્ચ વધશે.કંપનીઓએ એવું કહ્યું છેકે, ફાઇવજીમાં વિશ્વના અન્ય દેશોમાં ૪૦ ટકા આવક એન્ટરપ્રાઇઝ સેગમેન્ટમાંથી આવી છે.

જોકે એટલું ખરું કે, વન જી ટેક્નોલોજી આવી ત્યારે તેનો ઉપયોગ ફક્ત સેલ્યુલર ફોનનો હતો. ટુ જીમાં ટેક્સ્ટ મેસેજ અને મોબાઇલ ઇન્ટરનેટમાં ફક્ત સર્ફિંગનો હતો. થ્રી જીમાં વેબસાઇટ બ્રાઉઝ કરી શકાતી હતી. ફોર જીમાં વિડીયો અને મીડિયા સરળતાથી જોઈ શકાય છે પણ હવે ફાઇવ જી અણધાર્યા અનુભવો કરાવશે. ભવિષ્યની મેટાવર્સ ટેક્નોલોજીને પણ ફાઇવ જી જોરદાર વેગ આપશે.

# મંદી અને અનિશ્ચિતતા છતાં લાંબા ગાળાની રણનીતિને વળગી રહો


■ તન્વી કંચન

ગયો મહિનો વિશ્વભરના ઇક્વિટી બજારો માટે અત્યંત અસ્થિર રહ્યો. ઊંચા વ્યાજ દર, રશિયા-યુક્રેન સંઘર્ષ અને ઊંચા ફુગાવા વચ્ચે આર્થિક મંદી અંગેની ચિંતાઓ વધી છે જેના પરિણામે વૈશ્વિક અને સ્થાનિક સૂચકાંકો હાલકડોલક થઇ રહ્યા છે. વૈશ્વિક બજારોના સૂચકાંકો જોવા જેવા છે. વર્તમાન કેલેન્ડર વર્ષમાં ડાઉ સાથે સંલગ્ન સૂચકાંકો ૧૬.૩૭ ટકા, એસએન્ડપી ૨૧.૩૪ ટકા, નિક્કી ૭.૯ ટકા અને રસેલ ૨૦૦૦ ૨૪.૧૯ ટકા જેટલા ઘટેલા હતા. વર્તમાન કેલેન્ડર વર્ષમાં નિફ્ટી ૧૦.૫ ટકા ઘટ્યો છે જે બતાવે છે કે ભારતીય ઇક્વિટી બજાર પણ સંપૂર્ણપણે સુરક્ષિત નથી.

ભારત સરકારે વધી રહેલા ફુગાવાને ડામવા માટે વિવિધ પગલાં લીધાં છે. તેણે ઘઉં પર નિકાસ પ્રતિબંધ મૂક્યો અને ત્યાર બાદ સ્ટીલ પર ઊંચી નિકાસ ડ્યૂટી લગાવી હતી જેણે બજારના સેન્ટિમેન્ટને નુકસાન પહોંચાડ્યું હતું કારણ કે રોકાણકારોએ માની લીધું કે અન્ય ક્ષેત્રોમાં પણ આવાં પગલાં આવી શકે. રિઝર્વ બેંકે તેની તાજેતરની પોલિસી બેઠકમાં રેપો રેટ ૫૦ બેઝીઝ પોઇન્ટ વધારી દીધો જેણે પણ સેન્ટિમેન્ટને નુકસાન પહોંચાડ્યું હતું.

ભારત સરકારે રાષ્ટ્રીય આવકની વૃદ્ધિનો અંદાજ સુધારીને ૮.૪ ટકા કર્યો અને મે મહિનામાં રિટેલ ફુગાવો ઘટીને ૭.૦૪ ટકા થયો. જો કે સામાન્ય અભિપ્રાય છે કે આ વર્ષનો એકંદર ફુગાવો આરબીઆઇની છ ટકાની નિયત ટોચમર્યાદાથી ઉપર રહશે. અમે માનીએ છીએ કે આગામી ૧૮-૨૪ મહિનામાં આરબીઆઇ રેપો રેટમાં ૧૫૦ બેઝીસ પોઈન્ટનો વધારો કરશે.

**જ્યારે આપણે લાંબા ગાળા માટે રોકાણ કરીએ ત્યારે પણ ટૂંકા ગાળાની અસ્થિરતા ચાલુ જ રહેશે. યાદ રાખવાની વાત એ છે કે અંતે તો ફંડામેન્ટલ્સ જ મહત્વના છે**



વર્તમાન આર્થિક ચિત્ર જોતાં મને લાગે છે કે હાલના સમયમાં વર્તમાન રોકાણનો દૃષ્ટિકોણ ઉત્પાદન આધારિત નહિ પણ વ્યૂહાત્મક હોવો જોઈએ. વ્યક્તિએ રોકાણના ઉદ્દેશ અને રોકાણ સાધન સાથે સંકળાયેલા જોખમનું મૂલ્યાંકન કરવું જોઈએ. રોકાણ માટે યોગ્ય સમય જેવી કોઈ વસ્તુ ક્યારેય રહી નથી. રોકાણ કરતી વખતે તે રોકાણની મુદત અથવા અવધિ મહત્વની છે, નહિ કે ખરીદીનો સમય.

મનોવૈજ્ઞાનિક રીતે જોઈએ તો બજારોની આસપાસ એક ગુરૂત્વાકર્ષણનું ક્ષેત્ર છે જેમાં જ્યારે બજારો ખરેખર નીચાં હોય ત્યારે લોકો ગભરાઈને કે વિશ્વાસ ગુમાવીને શેરો વેચી નાખે છે અને પછી ફરીથી રોકાણ કરવા માટે યોગ્ય સમયની રાહ જોતા હોય છે. તે સમય સુધીમાં બજારો પાછા ઉછળવા તરફ રહે છે. આ રીતે તેઓ સ્થિર સુધારો અને તેજી ચૂકી જાય છે.

રોકાણ કરતી વખતે સૌથી મહત્ત્વની બાબત તમારી લાંબા ગાળાની વ્યૂહરચનાને વળગી રહેવાની છે. ઐતિહાસિક આંકડા પર નજર કરીએ તો કોરોના મહામારીની શરૂઆત દરમિયાન બજાર તેની વિક્રમી ઊંચાઈથી ૩૮.૪ ટકા ઘટ્યું હતું. હવે ધારો કે તમે ટોચ પર રોકાણ કર્યું હોય તો હજુ પણ તમે તેનાથી ૨૭.૩૮ ટકા જેટલા નીચે છો.

તાજેતરના સમયના એવા છ કિસ્સા છે કે જયારે બજારો નોંધપાત્ર પ્રમાણમાં ઘટ્યા હતા અને તે તમામ ઘટાડાની સરેરાશ ૪૮.૭ ટકા હતી. જો કે એ નોંધવું અગત્યનું છે કે ઘટાડા પછીનાં ૩ વર્ષ પછી બજારો સુધરીને અગાઉના શિખર કરતાં વધુ ઊંચી ગઈ છે. આ છ કિસ્સાઓમાં સરેરાશ સુધારો ૧૪૮.૩ ટકા રહ્યો છે

કોઈ પણ સમયે બજારો કાં તો તેજીતરફી અથવા તો મંદીતરફી નીચે હશે, પરંતુ તમારી અસ્ક્યામતોની ફાળવણીની રણનીતિ સારી અને વૈવિધ્યસભર અસ્ક્યામતો પર કેન્દ્રિત થયેલી હશે તો તમે તેજીબજારમાં બજારની ચડતી કરતાં વધારે લાભ મેળવી શકશો અને ઘટાડામાં તમારો પોર્ટફોલિયો બજાર કરતાં ઓછો ઘટશે.

રોકાણની દ્રષ્ટિએ એસેટ વર્ગો ઇક્વિટી, કરજ, કોમોડિટી અને રિયલ એસ્ટેટમાં વિભાજિત કરી શકાય. પછી તેને ઇક્વિટી શેરો, મ્યુચ્યુઅલ ફંડ્સ, બોન્ડ્સ, સોનું વગેરેમાં વિભાજિત કરી શકાય. વિવિધ પ્રકારની અસ્ક્યામતોમાં જોખમનું સ્તર અને વળતરની સંભાવના અલગ અલગ હોય છે. તેથી બધી અસ્ક્યામતો બજારનાં પરિબળોને એક જ સમયે અથવા એક સરખો પ્રતિભાવ આપતી નથી. દાખલા તરીકે, ઈક્વિટી મ્યુચ્યુઅલ ફંડની સામે શેરોમાં સીધા રોકાણને અત્યંત જોખમી ગણવામાં આવે છે. એફડી અથવા ડેટ મ્યુચ્યુઅલ ફંડને સામાન્ય રીતે ઓછા જોખમી અસ્કયામતો ગણવામાં આવે છે કારણ કે તેમાં ઓછી ચંચળતા જોવા મળે છે. આમ, આપણે ટોપ-ડાઉન અભિગમ પર કામ કરવાની જરૂર છે. ઇક્વિટી, ડેટ અને કોમોડિટી વચ્ચે મજબૂત એસેટ ફાળવણી નક્કી કરો અને પછી તેમની અંદરની પેટા શ્રેણીઓ પસંદ કરો.

વૈવિધ્યસભર પોર્ટફોલિયો અને સંપત્તિની ફાળવણીની વ્યૂહરચના એ જોખમને મર્યાદિત કરવા માટે મહત્વના ઘટક છે. તેને લઈને તમે અપેક્ષિત પરિણામો સુધી પહોંચી શકો. દરેક વ્યક્તિની જોખમ લેવાની ક્ષમતાઓ અલગ અલગ હોય છે. વળી જોખમની સક્ષમતા માપવાની વિવિધ રીતો છે. રોકાણકારોએ સંપત્તિની ફાળવણીની તેમની વ્યૂહરચનામાં રહેલા જોખમને સમજવું જોઈએ. જ્યારે આપણે લાંબા ગાળા માટે રોકાણ કરીએ ત્યારે પણ ટૂંકા ગાળાની અસ્થિરતા ચાલુ જ રહેશે. યાદ રાખવાની વાત એ છે કે અંતે તો ફંડામેન્ટલ્સ જ મહત્વના છે.


**(તન્વી કંચન આનંદ રાઠી શેર્સ એન્ડ સ્ટોક બ્રોકર્સના કોર્પોરેટ સ્ટ્રેટેજીનાં વડાં છે)**

# ઓનલાઇન લોટરીની લાલચ બતાવીને થતા કૌભાંડથી ચેતતા રહો

લોટરી નામનો શબ્દ કોણે ન સાંભળ્યો હોય ? નાની રકમ રોકીને કોઈ મહેનત વગર મસમોટી રકમ લોટરીમાં મળી શકે એટલે એની લાલચ વ્યાપક હોય એ સમજી શકાય. ગરીબોને તવંગર થવાની તાલાવેલી હોય અને મધ્યમ વર્ગને મહેનત વગર માલામાલ થઇ જવાની લાલસા હોય એટલે લોટરીનો ધંધો સારો ચાલે. વર્ષો પહેલા આ ધંધાને નીતિમત્તા વિરૂદ્ધ માનવામાં આવતો અને ગેરકાનૂની ઠેરવવામાં આવ્યો હતો. જો કે એ સમયે પણ મટકા વગેરે નામે ઓળખાતી લોટરીની સિસ્ટમ ચાલુ જ હતી. પછી સરકારને લાગ્યું કે આમાં તો બહુ પૈસા કમાઈ શકાય છે એટલે તેને કાનૂની સ્વરૂપ અપાયું. આજે ઠેકઠેકાણે લોટરીની ટિકેટ વેચાય છે એ તમે જોયું જ હશે. કેટલાકને એમાં મોટો દલ્લો મળી જાય તો કેટલાક પાયમાલ થઇ જાય.

લોકોની લાલચભરેલી વૃત્તિનો લાભ ધુતારા ન લે તો જ આશ્ચર્ય. આજે ઓન-લાઈન લોટરી કૌભાંડે મોટું સ્વરૂપ પકડ્યું છે જેમાં ધુતારાઓ તમે મોટી રકમની લાલચ આપીને તમારા પૈસા પડાવી લે છે. રિઝર્વ બેંકે તાજેતરમાં બહાર પડેલી એક પુસ્તિકામાં ધૂતારાઓની વિવિધ તરકીબો પર પ્રકાશ ફેંક્યો છે અને ધૂતારાઓનો તરકીબોથી કેવી રીતે બચવું -- શું કરવું અને શું ન કરવું--એ વિષે સામાન્ય લોકોને માર્ગદર્શન આપ્યું છે.

લોટરીને લગતા કૌભાંડમાં ધૂતારો તમને ફોન કરે છે અને કહે છે કે તમને મોટી રકમની લોટરી લાગી છે. તમે હરખાઈ જાવ છો કેમ કે રકમ બહુ મોટી--લાખો કરોડો રૂપિયામાં હોઈ શકે. એ સમયે તમને એવો વિચાર નથી આવતો કે તમે કોઈ ટિકિટ વગેરે ખરીદી નથી તો તમને લોટરી કઈ રીતે લાગી? એવો વિચાર આવે તો પણ મોટી રકમની લાલચમાં એ તણાઈ જાય.



તમે ખુશ થયા એ સમજી ગયેલો ધૂતારો હવે તમને કહેશે કે આ પૈસા તમારા બેન્ક ખાતામાં સીધા જમા કરવાના છે એટલે ખાતાનો નંબર, બેન્કનું નામ વગેરે વિગતો આપો. સાથે ક્રેડિટ કાર્ડ, આધાર કાર્ડ વગેરેની વિગતો પણ આપવાની છે. કેટલાક કિસ્સામાં ધૂતારો વધુ હિંમત બતાવે અને કહે કે આ તો વિદેશી ચલણની રકમ છે -- બહુતેક ડોલર કે પછી યુરોમાં- એટલે તમારે નાનકડો ટેક્સ ભરવો પડશે. અથવા તો ચાર્જ ભરવો પડશે. બીજું પણ -- પ્રોસેસિંગ ચાર્જ જેવું કંઈક કહે.

**તમને મોટી રકમની લોટરી લાગી છે એ સાંભળીને તમે હરખાઈ જાવ છો કેમ કે રકમ બહુ મોટી--લાખો કે કરોડો રૂપિયાની- હોઈ શકે. એ સમયે તમને એવો વિચાર નથી આવતો કે તમે કોઈ ટિકિટ વગેરે ખરીદી નથી તો તમને લોટરી કઈ રીતે લાગી?**

એવા પણ કિસ્સા નોંધાયા છે જેમાં ધૂતારો કહે કે એ રિઝર્વ બેન્કનો અધિકારી છે અને તમારા ખાતામાં મોટી રકમ ટ્રાન્સફર કરવાની તેને સૂચના મળી છે. પણ એ પહેલા તમારે થોડી રકમ ભરવાની છે. તમને જે પૈસા મળવાની લાલચ એ તમને આપે તેની સામે તમારે પહેલા ભરવાની રકમ બહુ નાની હોય, એટલે તમે એ ભરવા તૈયાર થઇ જાઓ.

એક વાર તમે આ જાળમાં ફસાઈ જાઓ અને તમારા એકાઉન્ટ વગેરેની માહિતી આપો અને થોડી રકમ પણ ધૂતારાએ કહેલા ખાતામાં ટ્રાન્સફર કરી આપો એટલે સમજી લો કે ગણતરીની સેકન્ડમાં તમારા બેન્ક ખાતાની તમારી મહામૂલી બચતનો સફાયો થઇ જશે.


રિઝર્વ બેન્કનું કહેવું છે કે ક્યારેય આવી લાલચ આપતી ઓફરમાં ફસાવું નહિ. મોટી રકમની ઓફર આવે ત્યારે તરત સતર્ક થઇ જવું. હંમેશા યાદ રાખવું કે દુનિયામાં ક્યારે પણ કોઈ વસ્તુ મફતમાં મળતી નથી. ઉપરાંત વિગતો, જેવી કે બેન્ક ખાતાની માહિતી, કોઈને આપવી નહિ. રિઝર્વ બેન્ક ક્યારે ય પણ સામાન્ય માણસ સાથે સીધી રીતે કોઈ વ્યવહાર કરતી નથી. તેનું કામ બેંકો સાથે વ્યવહાર કરવાનું છે, એકલદોકલ વ્યક્તિ સાથે નહિ. એ કોઈ દિવસ તમારા બેન્ક ખાતાની વિગતો પૂછતી નથી. એટલે કોઈ કહે કે એ રિઝર્વ બેન્કનો અધિકારી છે તો જાણી લેવું કે કોઈક ધૂતારો છે. ઈ-મેઈલમાં પણ સાવધાની રાખવી અને ખોટા બનાવટી લોગો વગેરેથી ચેતતા રહેવું.

# એક ને એક દવા વારંવાર છાંટવામાં આવે તો શું થાય ?



❖ આપણે ત્યાં બાયો ટેક્નોલોજી આધારિત કપાસ એટલે કે બીટી કપાસને લીધે કપાસની ખેતી ૧૨-૧૫ વર્ષ ખૂબ સારી રહી. આપણે ટેક્નોલોજીને વાપરવાનું શીખ્યા નથી. કપાસની ખેતીમાં આવતી જીંડવાની બધી ઈયળોથી આપણે છુટકારો મેળવ્યો હતો અને આ સરળતા કે સગવડતા એ આપણને ભાગિયા ભરોસે ખેતી કરતા કરી દીધા તે આપણે બરાબર જાણીયે છીએ ? ગુલાબી ઈયળ સામે થઈ તેમ છતાં આપણે આજે કપાસની ખેતી વહાલી લાગે છે. એટલે જ આ વર્ષે કપાસની ખેતી વધી છે તેવા સમાચાર છે.

❖ ખેતી એ વિજ્ઞાનનો વિષય છે તેવું આપણે હવે થોડું થોડું શીખ્યા છીએ. ટેક્નોલોજી બીજની હોય કે ડિજિટલ યુગની હોય ખેતીમાં નવાં પરિવર્તનો કરવા પડશે. નવા પાકો ઉમેરવા પડશે વિશ્વમાં બાયો



ટેક્નોલોજી આધારિત પાકો જોઈએ તો કપાસ, કનોલા, મકાઈ, સોયાબીન, સુગર બીટ, હવાયન પપૈયા વગેરે છે અને તેનાં પરિણામો ખૂબ સારાં છે. આપણે ત્યાં બાયો ટેક્નોલોજી આધારિત નવી ટેક્નોલોજીની માગ આજે બધા કઈ રહ્યા છે ત્યારે વિશ્વ આ ક્ષેત્રે ઘણું આગળ નીકળી ગયું છે ઈછઈજહ્મછ એડિટેડ ટામેટાની શોધ થઇ છે જે વિટામિન ડીની ઉણપને પૂરતી કરવા સક્ષમ છે .

❖ એકને એક દવા વારંવાર છાટવામાં આવે તો શું થાય ? જીવાતો તે દવા સામે પ્રતીકારકતા કેળવી લે છે. મરચીની ખેતીમાં પરપ્રાંતમાં આ કાળી થ્રિપ્સએ એવો બોકાહો બોલાવ્યો કે કોઈ દવાથી એ કાબૂમાં આવી નહીં અને મરચીની ખેતીમાં ઉત્પાદન ઘટ્યું.



સમાચાર છે કે આ કાળી થ્રિપ્સ દક્ષિણપૂર્વ એશિયા



## બોલકી વાડી

પ્રવીણ પટેલ
kheti.rajkot@gmail.com

અને ઇન્ડોનેશિયાથી આપણા દેશમાં પ્રવેશી છે. આપણા વિસ્તારમાં પણ ઘણી જીવાતો એ અનેક મોલેક્યુલ સાથે પ્રતીકારકતા કેળવી છે ? આપણે ફરી ફરી વિચારવું પડશે કે આપણે શું કરી રહ્યા છીએ ?

❖ આપણે કુદરતી ખેતીમાં ક્યાં પાકો થાય તેની યાદી બનાવી લેવી જોઈએ એવા પાકોની ખેતી કરવી જોઈએ કે જેમાં ઓછામાં ઓછા જંતુનાશકોનો પ્રે થતો હોય અથવા જે જંતુનાશક અનાજ કે શાકભાજીમાં છાંટ્યા પછી તેમાં રેસિડ્યુઅલ ઓછા રહેતા હોય તેવા જંતુનાશકનો પ્રયોગ કરવો જોઈએ અને એવા પાકો વાવીને ઓર્ગેનિક લેબલ સાથે વેચવા જોઈએ એટલે કે રેસિડ્યુઅલ ફ્રી ઉત્પાદન કરવાની નેમ રાખવી પડશે તો આપણા ઉપર દુનિયા વિશ્વાસ કરશે અને વધુ ભાવ આપશે. તમે કોઈને કહો કે આ ફ્લાવર કે ભીંડા ઓર્ગેનિક છે ને મેં એકેય દવા છાંટી નથી તો કોણ માને ?

❖ વિશ્વની ટોચની કંપનીઓ વૈજ્ઞાનિક સંશોધન કરીને ઓછામાં ઓછા રેસિડ્યુઅલ રહે તેવી નવી ટેક્નોલોજીની નવી નવી કેમેસ્ટ્રી દ્વારા આપણને નવા નવા મોલેક્યુલ આપીને આપણને મદદ કરે છે પરંતુ આપણે શું કરીયે છીએ ? જે પાકમાં લેબલ ના હોય તે પાકમાં તે છાંટીએ અથવા જરૂરત હોય તે કરતા વધુ ડોઝ વાપરીએ તો શું થાય ? એવું જ આપણે કરી રહ્યા છીએ. સેંજેંતા નામની કંપનીએ કાળી થ્રિપ્સ માટે એક નવું ટેક્નિકલ શોધ્યું છે જેનું નામ છે આઇસોસાયકલસેરમ ડીસી આ કેમિકલ જલ્દીથી ભારતમાં આવે તેવું આપણે ઓથોરિટીને સમજાવવું પડશે તો મરચીની ખેતી માટે ફાયદો થશે પણ જોજો આવે તો યોગ્ય ડોઝ વાપરજો તો આ ટેક્નોલોજી લાંબા સમય સુધી સમગ્ર ખેડૂત સમાજ માટે લાભમાં રહેશે.

❖ સલ્ફર મિલ એટલે કે રીપ બ્રાન્ડ હેઠળ સારા જંતુનાશક વેચતી કંપની સલ્ફર મિલ લિમિટેડ દ્વારા પાલનપુર ખાતે કૃષિનોવા રીપ ટેક્નોલોજી સેન્ટર સારું થયું છે ત્યાં ખેડૂતો પોતાની ખેતીને લગતી સમશ્યાનું નિરાકરણ મેળવતા થયા છે.




સલ્ફર મિલના હિતેષ પટેલની યાદીમાં જણાવ્યું છે કે તાજેતરમાં કંપનીના રિસર્ચ અને ડેવલોપમેન્ટ દ્વારા ખેડૂતો માટે ખેતીને સમૃદ્ધ બનાવવા માટે ઇનોવેટિવ પ્રોડક્ટનું લોન્ચિંગ રાજકોટ ખાતે ૨૧ જૂનના રોજ ખાતે યોજાશે. સલ્ફર મિલના ડીલરો અને ડિસ્ટ્રિબ્યુટરો અને ખેડૂતો આતુરતાથી રાહ જોઈ રહ્યા છે. વધુ વિગત માટે ચિરાગ દરજીને ફોન કરો ૭૩૦૪૫૧૮૮૮૯ અથવા ૯૯૮૭૫૭૧૮૬૬

❖ છેલ્લે ફરી ડિજિટલ ફાર્મિંગની વાત કરી લઈએ સમગ્ર વિશ્વમાં સારી ખેતી કરવા ટેક્નોલોજીનો, વિજ્ઞાનનો સહારો લેવામાં આવી રહ્યો છે. હવામાન અને બદલતા તાપમાન સામે રોજે રોજની માહિતી દ્વારા ખેતી ખર્ચ ઘટાડીને ખેતી થઈ રહે છે ત્યારે યુરોપની કંપની ઇંઘછઝઅ ત.હિ. ની અનન્ય ડિજિટલ ટેક્નોલોજી જોઈને બીએએસએફ કંપની દ્વારા હોર્ટટાને ખરીદી લીધી છે અત્રે ઉલ્લેખનીય છે કે ભારતમાં પણ વિવિધ કંપનીઓ ડિજિટલ ટેક્નોલોજી સાથે બઝારમાં આવી રહી છે. ચાલો વિજ્ઞાન અને આપણી ખેતીની વાતો વધુ આવતા અંકે.

# જાનવરની ઇજા અને બીમારીમાં ફેર શું ?

**શારીરિક બીમારી કોને કહેવાય ?** જેમાં પશુ પાસેથી આપણે જે સેવા લેવાનું ચાલુ હોય એમાં બાધા આવીને ઊભી રહી જાય, એ તો ઠીક, પણ જાનવર એનું રોજિંદુ જીવન જીવવામાં પણ તકલીફ અનુભવવા માંડે એવી શરીરની અંદરથી વેદના કે પીડા ઊભી થઈ જતી હોય છે. ખરું કહીએ તો આમાં પણ બે પ્રકારે નિદાન થતું હોય છે.

**જાનવરનાં શરીરને ઉપરથી થયેલ ''ઇજા'':** સાંતીડે ચાલતા બળદના પાછલા પગમાં રાંપ વાગી જવી, પગમાં કાંકરી દળાઈ પશુનું ''તળવાઈ જવું'', ખાડામાં પગ પડી જવાથી ઘૂંટી કે ગોઠણનું મચકોડાઈ જવું, દોડતા ગાડે બળદના પગની પાછલી ખરી ઉપર ગાડાનું પૈડું ભટકાઈ જવું, પગના તળિયે કાંટો કે ચૂંક્નું ખૂંચી જવું, અરે ! બે ભેંસને અંદરોઅંદર બાખડવામાં એકાદીનું શિંગડું ભાંગી જવું, ધાવતાં બચ્ચાં થકી એની માના આંચળને બચકું ભરાઈ જવું કે ભાગતા-કૂદતા ફેન્સિંગ-વાડના કાંટા-તાર થકી ચામડી ચિરાઈ જવી, અરે ! બળ કરવામાં આંચકો લાગતા ''મૂતર કરી જઈ'', કાંધે ગાંઠ થઈ બળદનું કાંધ આવી જવું, તો ક્યારેક લાણ-ઇતરડી-ગિંગોડા જેવા જીવજંતુ ચામડી પર ચોટી જઈ લોહી ચૂસ્યા કરવા જેવી બધી બહારની ઇજાઓથી જાનવર પીડા અનુભવતું હોય છે અને પોતાની ફરજ બજાવવામાં ઊણું પડતું હોય છે. વખતોવખત આપણા પશુઓ પર આપણી નજર ફરતી રહેતી હોય તો જાનવરની આવી ઉપરથી આવી પડતી ઇજાઓ નજરે થઈ જતી હોય છે અને એને લગતી યોગ્ય સારવાર ટાણાહર આપી દેવામાં વિલંબ કે બેદરકારી દાખવાઈ ગઈ હોય તો તેમાંથી વધુ પડતો સોજો કે પાક, પછીથી તાવ અને પીડા થકી પશુ ખોરાક-પાણી બંધ કરી દેતાં તેનામાં નબળાઈ આવતા ક્યારેક પશુ ખોઈ બેસવાનો વારો આવી જતા વાર લાગતી નથી હોતી.

**શરીરની અંદરથી ઊભી થતી બીમારીઓ :** વાતાવરણમાં થતા બદલાવ, ખાવામાં આવી જતા રોગકારક અને ઝેરી પદાર્થો તથા ખોરાક-પાણી અને વાતાવરણીય ચેપી વાયરા ઉપરાંત પશુને તેના માવતર તરફથી મળેલો રોગીષ્ટ વારસો આવી બીમારીઓ માટે મોટાભાગે જવાબદાર હોય છે.

પશુ ભલે માણસની જેમ બોલીને-ભાષા દ્વારા પોતાનાં સુખદુઃખ જણાવી શક્તાં નથી, પણ આપણામાં જો પારખવાની ક્ષમતા હોય તો તેના દેખાવ, એની ઉઠવા-બેસવા-ઊભવાની રીત અને એના થકી થઈ રહેલાં વર્તન ઉપરથી તે બીમાર હોય તો એવું ચોક્કસ જાણી શકીએ છીએ. આ રહ્યા એવાં કેટલાંક શારીરિક ચિહ્નો-કે જેના પરથી આપણે જાણી શકીએ કે આપણું પશુ કોઇ બીમારીમાં સપડાયું છે. ખાવું-પીવું બંધ કરી સૂનમૂન ઊભું કે બેઠું હોય. નીરણ તો શું ખાણદાણ કે ગોળ સુધ્ધાં મોઢામાં ન લેતું હોય અને વાઘોલવાની ક્રિયા પણ સદંતર બંધ હોય. નાખોરા આગળનું કાળું ચામડું પરસેવાનાં ટીપાં વિનાનું સાવ કોરું પડી



## ખેતી માર્ગદર્શન

હીરજી ભીંગરાડિયા

ગયેલું હોય. માથું ઢાળી દીધેલ સાવ અણોહરું દેખાતું હોય. આંખોમાંથી પાણી અને ક્યારેક મોઢામાંથી લાળ ટપકવાનું શરૂ થઈ ગયું હોય. શરીરની રુંવાટી કાળોંઢી ગઈ હોય. આવા સામાન્ય ચિહ્નો દેખાયા પછી હવે જાનવર ક્યા રોગનું ભોગ બન્યું છે એની ઊંડાણથી-ઝીણવટભરી તપાસ કરવી પડે ન સમજાય તો પશુ ડૉક્ટરને બોલાવી લેવા પડે ! જો જાનવરનું પેટ ફૂલીને ઢમઢોલ થયેલું હોય અને શ્વાસોચ્છ્વાસમાં પણ તકલીફ પડતી હોય. ક્યારેક પશુ મુંઝારો અને વેદનાનું માર્યું આડું પડી જઈ પગ પણ પછાડતું ભળાય તો એને ''આફરો'' ચડ્યો છે એવું નક્કી થાય. કૂણી કાચી જુવાર કે બિનપિયત રજકાની ફૂટ્ય અગર દિવેલા-નેપાળા જેવી વનસ્પતિના વધુ પડતાં પાંદ ખવાઈ ગયાં હોય તો આવું બને. કોઇ દેશી ઉપચારની જાણ હોય તો ભલે, પણ વધુ અગત્યનું તો જાણકાર પશુડોક્ટરને બોલાવી લઈ ઘટતી સારવાર કરાવી લેવી એ જ ગણાય.

વરસો પહેલાં અમારો એક કાબરો બળદ, હતો સાવ સાજો-સારો અને એમાંથી એક દી' ફરજામાં આડો પડી પગ પછાડતો ભાળી અમે મુંઝાઇ ગયેલા. પશુ ડોક્ટરને બોલાવી નિદાન કરાવતા ખ્યાલ આવ્યો કે એને પેશાબ બંધ થઈ ગયો છે. એને અમારે ઓપરેશન કરાવવું પડેલું. ક્યારેક પશુને તાવ પણ ચડી જાય કે કોઈવાર પશુ ભુંગળામોઢે શેરતું ભળાય એટલે એને ઝાડા થઈ ગયા છે. એનાં શરીરમાં પાણી ઘટી રહ્યું હોય એટલે સમયસર સારવાર ન થાય તો નબળાઈ આવી જઈ ચક્કર ખાઈ પડી જવાના કિસ્સા પણ બનતા હોય છે. તમે જોજો ! તાજુ વિયાંણેલું પશુ વધુ પડતું દૂધ આપી દેતાં ક્યારેક ઓચિંતાનું ધ્રુજવા મંડી જઈ ચકરી ખાઈ પડી જતું હોય ત્યારે એને કેલ્શિયમની ઉણપથી થયેલ દર્દ છે, એમ સમજી ડોક્ટરી સારવાર લેવામાં ચૂક ન કરવી.

અમદાવાદમાં અમારે સ્વીટુભાઈએ શરૂ કરેલી ''અમર ડેરી ફાર્મ''માં એક ગાય બેસી ગયા પછી ઊભી જ નહોતી થતી. ડીંગડા ભરાવી ઊભી કરીએ તો પગ ઉપર વજન આપી ઊભી જ નહોતી રહી શક્તી બોલો ! ડૉક્ટરે ''વલોચિક્નગુનિયા'' છે કહી દવા કરેલી. પાંચ વરહ પહેલાં વાડીના બધાં ઢોરાંને મોઢેથી લાળ અને પગની ખરીઓમાં ચાંદા-પાક ! એકેય ઢોરું બાકી નહીં ! એની રસી નહીં મૂકાવવાની ભૂલને કારણે બધાને ''ખરવા-મોવા'' નામના રોગે એવા તકલીફમાં મૂકી દીધા કે વાત કરવાની નહીં !

આપણે ખેડૂત હોઈએ કે હોઈએ માલધારી ! આપણે પશુઓ સાથેનો કાયમ લેવાનો હોય સાથ ! એટલે આપણા પશુના શારીરિક દેખાવ અને એના રોજિંદા વર્તનમાં આવતા રહેતા બદલાવ-ફેરફારોને ધ્યાને લેવાનું ચૂકી જઈશું તો ક્યારેક જાનવર ખોઇ બેસવાનો વારો આવી જતાં વાર લાગતી નથી- એટલું જ મારું કહેવાનું છે મિત્રો !

# ડિજીટલ કરન્સીમાં મંદીની સુનામી : મેટલમાં કડાકા

## યુક્રેન વોરની પાછોતરી અસર, ચીનનું કોરોના લોકડાઉન, અમેરિકન ફેડ સહિતના મોટાં ભાગના પશ્ચિમી દેશો દ્વારા વ્યાજદરોમાં તીવ્ર અને ઝડપી વધારા જેવા અનેક મંદીના કારણો ભેગા થતા હવે મેટલોમાં ભારે વેચવાલી ફરી વળી છે, નાના રોકાણકારો ધોવાઇ ગયા છે

કોમોડિટી માર્કેટ

બિરેન વકીલ
vakilbiren@gmail.com

બિટકોઇન, ટેરા, ઇથિરિયમ સહિતની ડિજીટલ કરન્સીમાં મંદીની સુનામી આવી છે. બિટકોઇન ૨૦ હજાર ડોલરની સપાટી તોડીને ૧૮૩૦૦ ડોલર થઇ ગયો છે. ગયા નવેમ્બરમાં બિટ કોઇન જ્યારે ૬૯ હજાર ડોલર હતો ત્યારે ક્રિપ્ટો માર્કેટનું ટોટલ માર્કેટ કેપ ૩ ટ્રીલીયન ડોલર હતીં જે ઘટીને ૮૫૦ મીલીયન ડોલર થઇ ગયું છે. ઇથિરિયમ પણ વધીને ૪૫૦૦ ડોલરવાળો ૯૫૦ ડોલર થઇ ગયો છે. મોટાંભાગની ક્રિપ્ટો કરન્સીમાં ૬૦થી ૮૦ ટકાનું ધોવાણ છે. બિટકોઇન પણ વધ્યા ભાવથી ૭૦ ટકા ઘટી ગયો છે. ગયા વર્ષે બિટકોઇન ૬૯ હજાર ડોલર થયો ત્યારે બિટકોઇન ૧-૨ લાખ ડોલર સુધી જશે તેવી વાતો ચાલી હતી. આશાવાદી વર્ગ તો પાંચ લાખ ડોલર સુધી પહોંચશે એવી રાહમાં હતા.

તમામ મોટાં ગજાના હેજફંડો અને ઇન્વેસ્ટમેન્ટ બેંકરોએ મોટી મોટી વાતો કરીને આમઆદમીના ગળામાં માલ પહેરાવી દીધો છે. ક્રિપ્ટો બજારમાં થયું એવું જ મેટલ સેક્ટરમાં ખાસ કરીને સ્ટ્રેટેજીક બેટરી મેટલમાં થાય તો પણ નવાઇ નહીં. ઇલેકટ્રીક વાહનોનો જમાનો આવશે અને લિથીયમ, કોબાલ્ટ વગેરે જેવી મેટલમાં જોરદાર તેજી થશે. સાથોસાથ ઇવ્હીકલ અને એનર્જી ટ્રાન્ઝીશન, ગ્રીન મેટલ જેવા ગુબ્બારા ચડાવીને ગયા વર્ષે મેટલમાં પણ મોટી તેજીના સપના વેંચાયા હતા. અત્યંત ફેન્સી વરતારા માટે જાણીતી એક બેંકે ગયા મે મહિનામાં કોપર જ્યારે ૧૦૫૦૦ ડોલર હતું ત્યારે એમ કહ્યું હતુ કે, આવનારા બે વર્ષમાં ૧૮-૨૦ હજાર ડોલર થશે. આ જ બેંકે હવે એવું કહ્યું છેકે, તેજી પૂરી થઇ ગઇ છે. નવી તેજી આવતા પાંચેક વર્ષ લાગશે.

મેટલની છેલ્લી તેજીમાં ખાસ કરીને છેલ્લાં ચાર પાંચ મહિનામાં નિકલ, ટીન અને ઝીંકમાં અંધાધૂંધ તેજી જોવાઇ હતી પરંતુ યુક્રેન વોરની પાછોતરી અસર, ચીનનું કોરોના લોકડાઉન, અમેરિક્ન ફેડ સહિતના મોટાં ભાગના પશ્ચિમી દેશો દ્વારા વ્યાજદરોમાં તીવ્ર અને ઝડપી વધારા જેવા અનેક મંદીના કારણો ભેગા થતા હવે મેટલોમાં ભારે વેચવાલી ફરી વળી છે. નિકલ ૫૫ હજારથી ઘટીને ૨૫ હજાર થઇ ગયું છે. ટીન ૫૧૦૦૦થી ઘટીને ૩૧૦૦૦ થઇ ગયું છે. એલ્યુમિનિયમ, લીડ, ઝીંક વગેરે તમામ મેટલો તૂટી



ગઇ છે. મેટલમાં એક સ્ટોક પર મલ્ટીપલ ફંડીંગ મેળવવાનું કૌભાંડ ચીનમાં થયું હોવાના સમાચારો વચ્ચે એલ્યુમિનિયમ બજારમાં ભારે ગભરાટ ફેલાયો છે. ઇલેક્ટ્રીકલ વાહનો અને બેટરી ડિમાન્ડની તેજીનો પરપોટો પણ ફૂટી ગયો છે. ઇલેક્ટ્રીકલ વાહનોમાં માર્કેટ લીડર ટેસ્લાનો શેર ૧૩૦૦થી ઘટીને ૬૦૦ ડોલર થઇ ગયો છે. સેમી કન્ડક્ટર શેરો પણ ૪૦-૫૦ ટકા તૂટ્યાં છે. થેંગ સહિતના મોટાં ટેક્નોલોજી શેરોમાં પણ નોંધપાત્ર મંદી આવી ગઇ છે. ક્રિપ્ટોની વાત તરફ પાછા ફરીએ તો ડિજીટલ એસેટમાં આવેલી મંદી પાછલા ૧૦૦ વર્ષની સૌથી ખરાબ મંદી દેખાય છે. ખાસ કરીને મીન કોઇન્સ અને સ્ટેબલ કોઇન ઓછાં જાણીતા કોઇન અને કોઇ બિઝનેસ મોડેલ વિનાના ટૂંકાટાઇપના કોઇન હતા તે બધામાં તો મૂડી કદાચ સાવ નષ્ટ થઇ ગઇ છે. ગયા વર્ષમાં એનએફટી, ડિજીટલ આર્ટ, વેબ થ્રી, મેટાવર્ષ, ઓનલાઇન ગેમીફિકેશનના મામલે મેનિયા છવાયો હતો અને તોતીંગ સ્ટાર્ટઅપ શરૂ થયા હતા અને એમાંથી હવે ઘણા બધા ભાંગીને ભૂક્કો થયા છે. અતિની ગતિ નથી. ટેક્નોલોજી અને ડિજીટલ ક્ષેત્રની પીક હવે થઇ ગઇ છે અને આવનારા દિવસોમાં એમાં વધુ પછડાટો જોવા મળી શકે છે. ડોટ કોમ બબલ જેવી જ પરિસ્થિતિ છે પણ કદાચ તેનાથી વધારે ખરાબ છે પણ ઇએસએસઆઇ ક્ષેત્રમાં મેઇનસ્ટ્રીમ મીડિયા હંમેશા તેજીની વાતો જ કરતું હોય છે એટલે હાલની મંદી મહેસૂસ થાય પણ દેખાય નહીં તેવા પ્રકારની છે. આગળ ઉપર ઘણાખરા ક્રિપ્ટો સ્ટાર્ટઅપમાં નાદારીઓ જોવા મળશે.

# ઘઉંની ખેંચથી પરેશાન વિશ્વ : ભારત ભામાશાહની ભૂમિકામાં ?

## ઇજિપ્ત ભલે ભારતનાં ઘઉં રિજેક્ટ કરે પણ એમને આપણાં ઘઉં સિવાય ચાલવાનું નથી, કારણ કે તેમને ઘઉં ખવરાવનાર દેશો હાલમાં જંગે ચડ્યા છે એટલે જ હવે ઇજિપ્તની સરકાર ભારત સાથે પાંચ લાખ ટન ઘઉંની આયાતના સોદા કરવાની ઓફર કરી રહી છે

વિશ્વ આજે મુઠ્ઠીભર ઘઉં માટે અહીં-તહીં દોડી રહ્યું છે. ભલે હજુ ટળવળતું નથી પરંતુ રશિયા-યુક્રેન યુદ્ધનાં કારણે આગામી દિવસોમાં વૈશ્વિક બજારમાં ઘઉંના પુરવઠાની મોટી ખેંચ ઉભી થવાના ભણકારા વાગી રહ્યા છે. એમાં વળી અમેરિકામાં છેલ્લા ચાર મહિનાથી ઘઉંનાં વાવેતર કરતા વિસ્તારોમાં વિપરીત હવામાનનાં કારણે ઘઉંના ઉતારામાં ૨૦૨૧ની સિઝન કરતાં સાત ટકા જેટલા ઘટાડાના અહેવાલો આવતાં વૈશ્વિક માહોલ વધારે ડહોળાયો છે. કહેવાય છે ને કે મોત કરતાં મોતની બીક વધારે ડરામણી હોય છે. એવી જ રીતે જે વસ્તુનો પુરવઠો ઘટવાની ચિંતા હોય તેનો સંગ્રહ પણ વધારે થતો હોય છે અને તેની માગ પણ વધારે નીકળતી હોય છે. ઘઉંમાં હાલમાં આવું જ કાંઇક બની રહ્યું હોય એમ લાગે છે. અહીં સવાલ એ છે કે શું ભારત ભામાશાહના રોલમાં રહેશે. ?

વિશ્વમાં ઘઉંની નિકાસમાં ચોથા ક્રમે રહેતા અમેરિકામાં દુષ્કાળનાં કારણે ઉત્પાદન ઘટીને ૧.૧૮ અબજ બુશેલ રહેવાની ધારણા મુકાઈ છે. તેથી સૌ માને છે કે વૈશ્વિક મંચ ઉપર લોકોને ઘઉં નહીં મળે. આવા સંજગોમાં વૈશ્વિના મોટાભાગના દેશોના કેમેરા ભારત તરફ ગોઠવાયેલા છે. આમેય તે આ પ્રધાનમંત્રી તાજેતરમાં વૈશ્વિક મંચ ઉપર નિવેદન કરી આવ્યા કે ભારત આખાં વિશ્વને ઘઉં પૂરા પાડી શકે તેમ છે અને ત્યારબાદ એક જ પખવાડિયામાં ભારતે ઘઉંની નિકાસ ઉપર પ્રતિબંધો મૂકી દીધાં. તેથી સ્વાભાવિક રીતે જ સૌને કૌતુક થાય કે આ શું ચાલી રહ્યું છે?

હા, એ વાત સાચી છે કે યુરોપ તથા આરબ સહિતના ઘણા દેશો હાલમાં ઘઉંનાં પુરવઠાની ખેંચ અનુભવી રહ્યા છે, કારણ કે આ દેશોની ઘઉંનો પુરવઠો રશિયા-યુક્રેન યુદ્ધમાં અટવાયો છે અથવા તો ખંડિત થયો છે. સામાપક્ષે ભારતનું કૃષિ બજાર એટલું સંવેદનશીલ છે કે ઘઉં જેવા પાક્ની વૈશ્વિક માગ વધે અને ભારત અસરવિહીન રહે એવું શક્ય નથી. જૂન મહિનાનાં બીજા સપ્તાહના અંતે આવેલા આંકડા બોલે છે કે દેશમાં સરકારી ઘઉંની ખરીદી માંડ ૧૮૭.૭૦ લાખ ટને પહોંચી છે. જે ૨૦૨૧ના વર્ષમાં અત્યારનાં સમયગાળા સુધીમાં થયેલી ૪૨૮.૮૦ લાખ ટનની ખરીદીની તુલના એ ૫૬.૨૨ ટકાનો ઘટાડો દેખાડે છે. હવે સૌને ચિંતા ઉભી થઈ છે કે રવી સિઝન પૂરી થતાં સુધીમાં ઘઉંની ખરીદી માંડ ૧૯૦ લાખ ટને પહોંચશે. કારણ કે ખુલ્લા બજારમાં ખેડૂતોને ઉંચા ભાવ મળતા હોવાથી કોઇ સરકારી ખરીદી તરફ જોતું નથી. બાકી હોય તો ખન્ના, ક્વોટા લૌરેન્સ રોડ જેવાં મથકોએ હજુ ભારે ખરીદી હોવાથી ભાવ સારા હતા પરંતુ નેરલા, પાણિપત તથા કોશી જેવા મથકોએ વરસાદનાં ઝાપટાં પડ્યાં હોવાથી સૌ માલ પતાવવા તૈયાર થતાં ભાવમાં થોડો ઘટાડો પણ જોવા મળ્યો હતો.



ગત મહિને ભારતે આશરે ૧૫.૨૦ લાખ ટન ઘઉંની નિકાસ કરી હોવાનાં અહેવાલ છે જેમાં ઇન્ડોનેશિયા ૪.૩૦ લાખ ટન, બાંગ્લાદેશ ૩.૧૦ લાખ ટન તથા આરબ દેશો ૧.૪૦ લાખ ટન ઘઉંની આયાત સાથે મોખરે હતા. એમ તો ટર્કીમાં પણ ભારતનાં ૫૦,૦૦૦ ટન ઘઉં નિકાસ થયા હતા પણ ગુણવત્તાનાં મામલે રિજેક્ટ થયા બાદ તે ઘઉં ઇજિપ્ત ભણી વળ્યા અને ઇજિપ્તે પણ રિજેક્ટ કર્યા એટલે અધવચ્ચે અટવાયા હતા.

ઇજિપ્ત ભલે ભારતનાં ઘઉં રિજેક્ટ કરે પણ એમને આપણા ઘઉં સિવાય ચાલવાનું નથી, કારણ કે તેમને ઘઉં ખવરાવનાર દેશો હાલમાં જંગે ચડ્યા છે. એટલે જ હવે ઇજિપ્તની સરકાર ભારત સાથે પાંચ લાખ ટન ઘઉંની આયાતનાં સોદા કરવાની ઓફર કરી રહી છે જેના બદલામાં નીચા ભાવે રાષાયણિક ખાતર આપવા તૈયાર થઈ છે.

આમેય તે ઘઉંની વાત આવે ત્યારે વૈશ્વિક મંચ ઉપર ભારતનાં નિવેદનો બહુ અસરકારક સાબિત થતાં હોય છે. ભારતે ઘઉં વિશ્વને પૂરા પાડવાની હૈયાધારણા સ્થાનિક પ્રજાને ભોગે કે વેપાર કરવા માટે નહીં પણ ફૂડ સિક્યોરિટી માટે અને જરૂરિયાત વાળા દેશોને પૂરા પાડવાની ખાતરી માટે આપી હતી એવા ગર્ભિત સંકેતો વૈશ્વિક મંચ ઉપર વહેતા થયા એટલે તુરંત જ આરબ દેશોએ ભારતથી આવેલાં ઘઉંને અન્ય કોઈ દેશમાં નિકાસ નહીં કરવાની જાહેરાત કરવી પડી છે. આને તમે ડિપ્લોમેટિક રિલેશનશીપ કહો કે વ્યાપાર પણ ઘઉંના કારોબારમાં વૈશ્વિક બજારમાં ભારતનો હાથ હંમેશાં ઉપર રહેશે તે નક્કી છે.